ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## ઝાબુઆના વાર્ષિક મેળામાં મોટી દુર્ઘટના ઝૂલો તૂટી પડતા અનેક વિદ્યાર્થી ઘવાયાં

**મેળામાં અફરાતફરી** અને સુરક્ષા વ્યવસ્થા સામે ઉઠ્યા ગંભીર સવાલો



(પ્રતિનિધિ) દાહોદ તા.20

ઝાબુઆ જિલ્લા મુખ્યાલય ખાતે આયોજિત વાર્ષિક મેળામાં આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મેળાની મજા માણી રહેલા શાળાના વિદ્યાર્થીઓ માટે આ પળ કાળમુખી સાબિત થઈ હતી, જ્યારે એક મોટો ઝૂલો અચાનક ટેકનિકલ ખામીને કારણે તૂટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં ઝૂલામાં સવાર અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા, જેને પગલે મેળાના મેદાનમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી.

આ અંગે પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે ઝૂલો તેની સંપૂર્ણ ઝડપે ચાલી રહ્યો હતો. તે દરમિયાન અચાનક તેમાં યાંત્રિક ખામી સર્જાઈ હતી અને ઝૂલાનો એક ભાગ અનિયંત્રિત થઈ જતાં તે સીધો જમીન પર પટકાયો હતો. ઝૂલામાં બેઠેલા વિદ્યાર્થીઓ સીધા જમીન પર પડતા લોકોમાં ચીસાચીસ અને બૂમાબૂમ મચી ગઈ હતી. અકસ્માતની તે ક્ષણોમાં બાળકો હવામાં લટકતા હોવાના દ્રશ્યો અત્યંત ભયાનક અને કંપારી છૂટી જાય તેવા હતા.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને મેળા સમિતિના સભ્યો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને એમ્બ્યુલન્સ મારફતે ઝાબુઆ જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, કેટલાક બાળકોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે અન્ય કેટલાકને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી છે.

આ ઘટનાને પગલે મેળામાં રાખવામાં આવતી સુરક્ષા વ્યવસ્થાઓ પર ગંભીર પ્રશ્નાર્થો ઉભા થયા છે. સ્થાનિક નાગરિકોએ આક્ષેપ કર્યો છે કે મેળામાં સંચાલિત ઝૂલાઓની નિયમિત ફિટનેસ તપાસ અને સલામતી ચકાસણી યોગ્ય રીતે કરવામાં આવતી નથી, જે આ પ્રકારની દુર્ઘટનાઓનું મુખ્ય કારણ બને છે. હાલમાં પ્રશાસને સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા છે અને આ અકસ્માત માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

## કાલોલના વેજલપુર ખાતે ૩૬ પરગણા રોહિત સમાજનો સ્નેહ મિલન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ) કાલોલ, તા.20

કાલોલ તાલુકાના વેજલપુર મુકામે તાજેતરમાં ૩૬ પરગણા રોહિત સમાજનો વિશાળ સ્નેહ મિલન સમારોહ અત્યંત ઉત્સાહપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જ્યાં સમાજના ઉત્થાન અને સંગઠન મજબૂત કરવા અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનો પ્રારંભ સંત શિરોમણી રોહિદાસ મહારાજ તથા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરાયો હતો. આ પ્રસંગે ૩૬ પરગણાના પ્રમુખ કૃષ્ણકાંત પરમારે સમાજનું ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કરાવવા અને સમાજ ભવનના નિર્માણ માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને સમગ્ર સમાજે હર્ષભેર આવકારી સર્વસંમતિથી મંજૂરી આપી હતી.

આ સમારોહ દરમિયાન મહામંત્રી જગદીશભાઈ મકવાણાએ સમાજ સુધારણા પર ભાર મૂકતા દસમા બંધારણના મુદ્દાઓ વિશે સમજણ આપી હતી અને તમામ ગામોમાં તેના ચુસ્ત અમલ માટે સૌને પ્રતિજ્ઞા લેવડાવી હતી. શિક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ મેળવનાર ડો. કિરીટ સમયાનું પી.એચ.ડી. પદવી પ્રાપ્ત કરવા બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે જાહેરાત કરી હતી કે હવેથી દર વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજવામાં આવશે. આ ઉપરાંત, પૂર્વ પ્રમુખ ભરતભાઈ સોલંકીએ સામાજિક પ્રશ્નો અને એડવોકેટ કમલેશભાઈ મકવાણાએ કાનૂની માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોજભાઈ પરમારે કર્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

### ગતિવિધિ

## ગોધરામાં શહીદ હેમુ કાલાણીના શહીદી દિને રક્તદાન કેમ્પ યોજાયો



**ગોધરા :** ભારતીય સિંધુ સભા, ગોધરા દ્વારા અખંડ ભારતના ક્રાંતિવીર અમર શહીદ હેમુ કાલાણીના ૮૨મા શહીદી દિન નિમિત્તે ગોધરાના શ્રી સ્વામી શાંતિ પ્રકાશ સત્સંગ હોલ ખાતે યોજાયેલ 'મહારક્તદાન અને થેલેસેમિયા કેમ્પ'ને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી આયોજિત આ સેવાકીય યજ્ઞમાં કુલ 154 યુનિટ રક્તદાન એકત્ર કરવામાં આવ્યું હતું અને 93 લોકોનું થેલેસેમિયા સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા કલેક્ટરે પણ કેમ્પની મુલાકાત લઈ આયોજકો અને રક્તદાતાઓને સેવા કાર્ય બદલ શુભેચ્છા પાઠવી હતી. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર 19 વર્ષની વયે દેશ માટે ફાંસીના માંચડે ચઢી જનાર હેમુ કાલાણીના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવાનો અને યુવા પેઢીમાં રાષ્ટ્રપ્રેમ જાગૃત કરવાનો હતો. ઉલ્લેખનીય છે કે, 23 માર્ચ 1923ના રોજ જન્મેલા હેમુ કાલાણીએ અંગ્રેજ સેનાની ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કર્યો હતો અને 21 જાન્યુઆરી 1943ના રોજ 'ઇન્કલાબ ઝિંદાબાદ'ના નારા સાથે શહીદી વહોરી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભારતીય સિંધુ સભાના હોદ્દેદારો અને સિંધી સમાજના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## મોટી કાંટડી-ગોધરા એસ.ટી. બસ સેવા પુનઃ શરૂ કરાઈ



**ગોધરા,** પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મોટી કાંટડી ગામના રહીશો માટે છેલ્લા કેટલાક સમયથી બંધ પડેલી ગોધરા-મોટી કાંટડી રૂટની એસ.ટી. બસ સેવા તંત્ર દ્વારા ફરીથી કાર્યરત કરવામાં આવી છે. આ રૂટ શરૂ થતા મોટી કાંટડી સહિત આસપાસના ગામડાઓના વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને સામાન્ય મુસાફરોને પડતી પરિવહનની મુશ્કેલીઓનો સુખદ અંત આવ્યો છે.અગાઉ કોઈ કારણોસર ગોધરાથી મોટી કાંટડી જતી આ બસ સેવા બંધ કરી દેવામાં આવી હતી. જેને પગલે ગ્રામજનોને ખાનગી વાહનોમાં મુસાફરી કરવા અથવા લાંબો રસ્તો કાપવા મજબૂર બનવું પડતું હતું. આ બાબતે સ્થાનિકો દ્વારા શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. લોકપ્રશ્નને વાચા આપતા ધારાસભ્યની સક્રિય મધ્યસ્થી અને એસ.ટી. સત્તાધીશો સાથેની ચર્ચા બાદ આ રૂટ ફરી શરૂ કરવાનો સત્તાવાર નિર્ણય લેવાયો હતો. એસ.ટી. વિભાગના અધિકારીઓ અને ગામના અગ્રણીઓની ઉપસ્થિતિમાં મોટી કાંટડી બસ સ્ટોપ ખાતેથી બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પ્રથમ ફેરામાં જ મુસાફરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

## બાકરોલ અને ચાંપાનેર રેલવે સ્ટેશન વચ્ચે અજાણ્યા ઈસમની લાશ મળી

**કાલોલ,** નર્મદા કેનાલ શક્તિપુરા ગેટ પાસે બાકરોલ અને ચાંપાનેર રેલવે સ્ટેશન રેલવે સ્ટેશન વચ્ચે અપ લાઇન કી. મી. નં 436/29 પાસે કાલોલ તાલુકાની હદમાં ટ્રેન નંબર 22976 રામનગર એક્સપ્રેસ થી રન ઓવર થયેલ 55 થી 60 વર્ષની વયના અજાણ્યા ઈસમની લાશ પડી હોવાની ટેલિફોનીક વર્દી મળતા કાલોલ પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને મૃતકની લાશ પીએમ માટે મોકલી ગોધરા રેલવે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સંજયભાઈ વિક્રમભાઈ ની જાહેરાત આધારે બીએનએસ કલમ 194 મુજબ એડી નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

## પીપલોદ-સિંગવડ હાઈવેના ડાયવર્ઝન પર પાણી ન છાંટતા વાહનચાલકોને મુશ્કેલી

(પ્રતિનિધિ) સિંગવડ, તા.20

પીપલોદથી સિંગવડ તરફ જતા પસાયતા ગામ નજીક સ્ટેટ હાઈવે પર નાળું બનાવવાની કામગીરી ચાલી રહી છે. હાલ જૂનું સાંકડું નાળું તોડી નવું મોટું નાળું બનાવવામાં આવી રહ્યું છે. આ કામગીરી દરમ્યાન વાહનચાલકો માટે ડાયવર્ઝન રસ્તો બનાવવામાં આવ્યો છે, પરંતુ તેના ઉપર નિયમિત રીતે પાણીનો છંટકાવ ન કરવામાં આવતા ભારે ડસ્ટ ઉડી રહ્યો છે.



ડાયવર્ઝન રસ્તા પરથી પસાર થતાં વાહનચાલકો, ખાસ કરીને મોટરસાયકલ ચાલકોને આંખોમાં ધૂળ જવાથી અકસ્માત થવાનો ભય ઊભો થયો છે. ડસ્ટના કારણે દશ્યતા ઘટી જતાં રોજિંદી અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે.

થોડા સમય અગાઉ છાપરવડ મુકામે આવેલ એકલવ્ય મોડેલ રેસિડેન્સી સ્કૂલમાં વાર્ષિક ઉત્સવ યોજાયો હતો. તે સમયે કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મંત્રી તેમજ અન્ય મંત્રીઓ અને ધારાસભ્યો હાજર રહેવાના હોવાથી કોન્ટ્રાક્ટર દ્વારા સ્ટેટ હાઈવે પર સવારથી જ પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો, જેથી રસ્તા ઉપર સિમેન્ટ અને ડસ્ટ ઉડતું બંધ થઈ ગયું હતું. પરંતુ તે દિવસ બાદ આજ દિન સુધી આ ડ્રાયવરજન રસ્તા પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો નથી. જેના કારણે સામાન્ય વાહનચાલકો અને મોટરસાયકલ ચાલકોને રોજે રોજ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિને જોતા લોકોમાં ચર્ચા ઊભી થઈ છે કે શું આવી સુવિધાઓ માત્ર રાજકીય નેતાઓના આગમન સમયે જ પૂરી પાડવામાં આવે છે અને સામાન્ય જનતા માટે અવગણના કરવામાં આવે છે?

સંબંધિત તંત્ર અને કોન્ટ્રાક્ટરે તાત્કાલિક ધોરણે ડ્રાયવરજન રસ્તા પર નિયમિત પાણીનો છંટકાવ કરી વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી બની છે.

## દાહોદ તાલુકાના આગાવાડા ગામમાં જમીન પચાવી પાડી

**ગામના** જ માણસે મકાન બનાવી જમીન પચાવી પાડી

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

દાહોદ તાલુકાના આગાવાડા ગામે કાળિયા કુવા ફળિયામાં રહેતા એક ઈસમે તેના જ ફળિયામાં રહેતા એક વ્યક્તિની માલિકીની સર્વે નંબર વાળી જમીન પૈકીની કેટલીક જમીનમાં પોતાનું મકાન બનાવી જમીન પચાવી પાડતાં જમીન માલિકે પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા નું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના આગાવાડા ગામે કાળિયા કુવા ફળિયામાં રહેતા દિનુભાઈ રૂગાભાઈ ભાભોરે તારીખ 7-2-2024થી આજ દિન સુધીમાં પોતાના જ ગામના અને પોતાના જ ફળિયામાં રહેતા વનાભાઈ વાલાભાઈ કળમીની પોતાના ફળિયામાં જ આવેલી રેવન્યુ સર્વે નંબર 90 જેનું ક્ષેત્રફળ 4-91-70 હે.આરે ચોરસ મીટર વાળી જમીન પૈકીની 1-98-56 હે. આરે ચોરસ મીટર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી કબજો કરી તેમાં ઘર બનાવી જમીન પચાવી પાડી હતી.

આ સંબંધે જમીન માલિક આગાવાડા ગામના કાળીયા કુવા ફળિયામાં રહેતા વનાભાઈ વાલાભાઈ કળમીએ કતવારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે આગાવાડા ગામના કાળિયા કુવા ફળિયામાં રહેતા દિનુભાઈ રૂગાભાઈ ભાભોર વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ તાલુકાની શાળાઓના વિકાસ માટે રૂ.2.65 કરોડના કામો મંજૂર થયાં

**ધારાસભ્ય** મહેશ ભૂરીયા દ્વારા 17 નવા વર્ગખંડોનું ખાતમુહૂર્ત

**રૂ. 2.21 કરોડના** ખર્ચે ચાર શાળાઓમાં સુવિધાઓ વધશે



(પ્રતિનિધિ) ઝાલોદ તા.20

ઝાલોદ તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક માળખાને વધુ મજબૂત બનાવવાના હેતુથી ધારાસભ્ય શ્રી મહેશ ભૂરીયાની ઉપસ્થિતિમાં નવા ઓરડાઓના નિર્માણ માટે ભવ્ય ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા હતા. તાલુકાની શાળાઓની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કુલ રૂ. 2.65 કરોડના શૈક્ષણિક વિકાસના કામોને મંજૂરી આપવામાં આવી છે.

આ કાર્યક્રમ અંતર્ગત 17 નવા વર્ગખંડો માટે રૂ. 2.21 કરોડના ખર્ચે ભૂમિપૂજન વિધિ કરવામાં આવી હતી,. જેમાં મુખ્યત્વે મધાનીસર પ્રાથમિક શાળાના 3 ઓરડા (રૂ. 39 લાખ). સુવર વર્ગ ખરસાણા પ્રાથમિક શાળાના 2 ઓરડા (રૂ. 26 લાખ), ઝાબવર્ગ જાફરપુરા પ્રાથમિક શાળાના 6 ઓરડા (રૂ. 78 લાખ), પાણીયા પ્રાથમિક શાળાના 6 ઓરડા (રૂ. 78 લાખ)નો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યનું ઢોલ-કુંડી અને કુમકુમ તિલક સાથે પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. મંચ પર ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તેમને પાઘડી, ફૂલમાળા, આદિવાસી બંડી તથા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાની બાલિકાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીતો રજૂ કર્યા હતા, જેનાથી પ્રભાવિત થઈ ધારાસભ્યએ તેમને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઝાલોદની શાળાઓમાં કુલ ૬૬૪ સ્કૂલ ઓરડાઓનું રૂ. 73.04 કરોડના ખર્ચે નિર્માણ થવાનું છે. તેમાંથી 158 ઓરડાનું કામ પૂર્ણ થયું છે, 244 ઓરડાનું બાંધકામ પ્રગતિ હેઠળ છે, 51 ઓરડાઓ માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યા છે.

## મહારાણા પ્રતાપની પુણ્યતિથિ નિમિતે ભાજપ દ્વારા પ્રતિમાને ફૂલહાર અર્પણ કરાયા




સોમવારે કાલોલ નગર ખાતે માઁ ભારતીના વીર સપૂત, અદમ્ય સાહસ અને શૌર્યના પર્યાય, વીર શિરોમણી મહારાણા પ્રતાપની પુણ્યતિથિના પાવન અવસરે તેમની સ્ટેશન રોડ શોપિંગ સેન્ટર પાસે આવેલ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી જેમાં કાલોલ વિધાનસભા ના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણા ઉપપ્રમુખ ગૌરાંગ દરજી અને પક્ષના નેતા હરિકૃષ્ણ પટેલ સાથે મંડળ પ્રમુખ મહિદિપસિંહ ગોહિલ, શહેર પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, પ્રતિક ઉપાધ્યાય, કિરણસિંહ સોલંકી, ડો સુનિલ પરમાર, વિપુલભાઈ પરમાર અને ભાજપના તમામ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના ગેટ મુવાલા ગામના તળાવમાંથી યુવકની લાશ મળી

(પ્રતિનિધિ) હાલોલ, તા.20

છત્તીસગઢથી હાલોલની ઔદ્યોગિક વસાહતમાં આવેલા એક યુવકનો મૃતદેહ ગેટ મુવાડા ગામના તળાવમાંથી સોમવારના રોજ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.યુવક નજીક આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરવા આવ્યો હતો, પરંતુ 14 જાન્યુઆરીના રોજ અહીં મન ન લાગતાં તે છત્તીસગઢ પરત જવાનું કહી નીકળી ગયો હતો.

છત્તીસગઢના સુદામા નગરનો રાહુલસિંહ ગોન રોજગારી મેળવવા ગુજરાત આવ્યો હતો. તે સીએટ ટાયર કંપનીમાં નોકરી કરતા મિત્રો સાથે ગેટ મુવાડા ગામે કંપનીના ક્વાર્ટર્સમાં રહેતો હતો. રાહુલ કંપનીમાં નોકરી પર જોડાવાનો હતો, પરંતુ છેલ્લા કેટલાક દિવસથી તે ગુમસૂમ જણાતો હતો.14 જાન્યુઆરીએ તેણે પોતાનો સામાન ક્વાર્ટર્સમાં જ રાખી ઘરે પરત જવાનું કહી નીકળ્યો હતો. ગેટ મુવાડામાં રહેતા મિત્રોએ પરિવારજનો સાથે સંપર્ક કરતાં રાહુલ હજી ઘરે પહોંચ્યો ન હોવાનું જાણવા મળ્યું,જેથી મિત્રો ચિંતામાં મુકાયા અને શોધખોળ શરૂ કરી. આજે ગેટ મુવાડા ગામના તળાવમાં એક મૃતદેહ તરતો જોવા મળતાં ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરવામાં આવી. મૃતદેહ બહાર કાઢતા તે રાહુલસિંહ ગોન હોવાનું સ્પષ્ટ થયું.ત્યારબાદ મિત્રોએ તેના પરિવારને જાણ કરતાં પરિવાર હાલોલ આવવા રવાના થયું છે. પોલીસે ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

**જાહેર નિવિદા**

આથી શાકભાજી / ફળફળાદી / ફુલનો વેપાર કરનાર તમામ ખેડૂતભાઈઓ/ વેપારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, અત્રેની ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઝાલોદના સબયાર્ડ લીમડી મુકામે શાકભાજી ફળફળાદી ફુલનો વેપાર માર્કેટ યાર્ડમાં થાય તે હેતુથી કુલ ૨૦૮ સ્ટોલ બનાવવાની કામગીરી ચાલી રહેલ છે. જેમાં શાકભાજી ફળફળાદી ફુલનો વેપાર કરનાર ખેડૂત ભાઈઓ વેપારીશ્રીઓને વેપાર કરવા માટે કમિટીના ધારાધોરણો અને શરતોથી ઉપરદળ, ટેરેઝ કે જમીનના હકક સિવાયથી ભાડાપટાની શરતોને આધિન નોન રીફંડેબલ ડીપોઝીટ મેળવી ભાડાપટાથી ફાળવણી કરવાની હોઈ, રસ ધરાવનાર ખેડૂત ભાઈઓ/ વેપારીશ્રીઓ પાસેથી નોંધણીની રકમ (ડીમાન્ડ ડીપોઝીટ) ભરી નોંધણી કરાવવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

વિગત : સ્ટોલ નંગ-૨૦૮..... સ્ટોલ નંગ-૧ ની નોંધણીની રકમ (ડીમાન્ડ ડીપોઝીટ) રૂા. ૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા..

શરતો ::
- સ્ટોલ મેળવવા માટેની નિયત અરજી સમિતિના મુખ્ય કાર્યાલયથી મેળવવાની રહેશે.
- નિયત અરજી જાહેરાત તારીખથી તા. ૨૭/૦૧/૨૦૨૬ ના રોજ સાંજે. ૫-૩૦ કલાક સુધી મળી શકશે.
- અરજદારે પોતાની અરજી તા. ૦૨/૦૨/૨૦૨૬ ના રોજ સાંજે. ૫-૩૦ કલાક સુધી સમિતિના મુખ્ય કાર્યાલયે રૂબરૂ આપવાની રહેશે.
- અરજદારે નિયત અરજી સાથે ધંધાનો પુરાવો, પ્રુફ આઈ.ડી., પાસપોર્ટ સાઈઝ ફોટા નંગ-૨ જોડવાના રહેશે.
- સ્ટોલ નંગ-૨૦૮ નું બાંધકામ મુખ્ય તથા આંતરિક પાકા આર.સી.સી. રસ્તાઓ સહિત સ્ટોલ નંગ-૧૬ બ્લોક મુજબ કુલ- ૧૩ બ્લોકમાં વહેંચાયેલ છે. જેનો નકશો સમિતિના મુખ્યયાર્ડ ઝાલોદ તથા સબયાર્ડ લીમડીના નોટીસ બોર્ડ ઉપર જોઈ શકાય તે રીતે મુકવામાં આવેલ છે.
- હાલ સ્ટોલ બાંધકામની કામગીરી કાર્યરત હોઈ, બાંધકામ પુર્ણ થયેથી હાલના અરજદારો પાસે ટેન્ડરો મંગાવી સ્ટોલની ફાળવણી કરવામાં આવશે.
- સ્ટોલની ફાળવણી વેળા બ્લોક દીઠ હાલના અરજદારોને પ્રથમ અગ્રતા આપી કમિટીએ નકકી કરેલ નોન રીફંડેબલની અપસેટ રકમથી વધુ રકમ ભરનાર અરજદારને ચઢતા ક્રમે ફાળવણી કરવામાં આવશે.
- સદર સ્ટોલ નંગ-૨૦૮ નું બાંધકામ અંદાજીત ૩ માસમાં પૂર્ણ કરવામાં આવશે.
- કોઈપણ ટેન્ડર મંજુર કરવુ યા નામંજુર કરવુ તેની તમામ સત્તા કમિટીની રહેશે.
- જે અરજદારનું ટેન્ડર નામંજુર થાય તેઓને ડીમાન્ડ ડીપોઝીટની ભરેલ રકમ પહોંચ રજૂ કર્યેથી પરત કરવામાં આવશે.

તા.17-01-2026

ઈન્ચાર્જ સેક્રેટરી
ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઝાલોદ. જિ. દાહોદ

**જાહેર નિવિદા**

આથી તમામ ખેડૂતભાઈઓ વેપારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, અત્રેની ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઝાલોદના મુખ્યયાર્ડ ઝાલોદ મુકામે કમિટીએ બનાવેલ શોપ કમ ગોડાઉન નંગ-૫ ખેડૂતલક્ષી ચીજવસ્તુઓ / નિયંત્રિત જણસીઓનો વેપાર કરવા માટે કમિટીના ધારાધોરણો અને શરતોથી ઉપરદળ, ટેરેઝ કે જમીનના હકક સિવાયથી ભાડાપટાની શરતોને આધિન નોન રીફંડેબલ ડીપોઝીટ મેળવી ભાડાપટાથી ફાળવણી કરવાની હોઈ, રસ ધરાવનાર ખેડૂત ભાઈઓ વેપારીશ્રીઓ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

વિગત : શોપ કમ ગોડાઉન નંગ-૫
શોપ કમ ગોડાઉન નંગ - ૧ ની અપસેટ નોન રીફંડેબલ ડીપોઝીટની રકમ રૂા. ૧૪,૫૧,૦૦૦/- અંકે રૂપિયા ચૌદ લાખ એકાવન હજાર પુરા

શરતો ::
(1) ટેન્ડર ફોર્મ સમિતિના મુખ્યયાર્ડ ઝાલોદના કાર્યાલયથી ટેન્ડર ફી રૂા. ૫૦૦/- ભરી મેળવવાના રહેશે.
(2) ટેન્ડર ફોર્મ જાહેરાત તારીખથી તા. ૨૭/૦૧/૨૦૨૬ ના રોજ સાંજે. ૫-૩૦ કલાક સુધી મળી શકશે.
(3) ટેન્ડર ફોર્મ મેળવતી વેળા ડીમાન્ડ ડીપોઝીટની રકમ રૂા. ૨૫,૦૦૦/- ભરપાઈ કરી પહોંચ મેળવવાની રહેશે.
(4) ટેન્ડર ફોર્મ ભરી તા. ૦૨/૦૨/૨૦૨૬ ના રોજ સાંજે. ૫-૩૦ કલાક સુધી મળી રહે તે રીતે રજિસ્ટર્ડ પો. એડી.થી બંધ કવરમાં સમિતિની મુખ્ય ઓફીસના સરનામે પરત મોકલવાના રહેશે.
(5) ટેન્ડર ફોર્મ સાથે ભરેલ ડીમાન્ડ ડીપોઝીટની પહોંચ અવશ્ય જોડવાની રહેશે.
(6) શોપ કમ ગોડાઉન નંબર શોપ કમ ગોડાઉન ઉપર લખવામાં આવેલ છે. જે ટેન્ડરમાં અચૂક દર્શાવવાનો રહેશે.
(7) સમય મર્યાદા બહાર આવેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી.
(8) અપસેટ નોન રીફંડેબલ ડીપોઝીટથી વધુમાં વધુ રકમ ભરનાર ખેડૂત ભાઈઓ / વેપારીશ્રીઓને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
(9) શોપ કમ ગોડાઉન માટે ટેન્ડરની રકમ ધ્યાને લઈ ચઢતા ક્રમે ફાળવણી કરવામાં આવશે. જો શોપ કમ ગોડાઉન નંગ-૧ મેળવવા માટે બે થી વધુ ઈસમો સરખી રકમ ભરે તેવા સંજોગોમાં તે બંન્ને ઈસમોને રૂબરૂ સાંભળી નિર્ણય કરવામાં આવશે.
(૧૦) કોઈપણ ટેન્ડર મંજુર કરવુ યા નામંજૂર કરવુ તેની તમામ સત્તા કમિટીની રહેશે.
(૧૧) જે ઈસમનું ટેન્ડર નામંજુર થાય તેઓને ડીમાન્ડ ડીપોઝીટની ભરેલ રકમ પહોંચ રજૂ કર્યેથી પરત કરવામાં આવશે.

તા.17-01-2026

ઈન્ચાર્જ સેક્રેટરી
ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઝાલોદ. જિ. દાહોદ